ગાંધીનગર સમાચાર






## ૭૦મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણીનું રિહર્સલ યજાયું

ગાંધીનગર જિલ્લાકક્ષાના ૭૦મા સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી શ્રી એસ.ડી. આર્ટસ એન્ડ બી.આર. કોમર્સ કોલેજ કમ્પાઉન્ડ, માણસા ખાતે યોજાશે. સ્વાતંત્ર્ય દિન નિમિત્તે આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, રાજ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે ધ્વજવંદન કરાશે. જિલ્લાકક્ષાના કાર્યક્રમની ઉજવણીનું શનિવારે માણસા ખાતે ગ્રાન્ડ રિહર્સલ યોજવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટર સતીષ પટેલે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી પ્રસંગે યોજાનાર પરેડ તથા વિવિધ શાળાઓના યોજાનાર દેશભક્તિના સાંસ્કૃતિક કાર્યક્રમનું નિરીક્ષણ કર્યું હતું. મહાનુભાવોની બેઠક વ્યવસ્થા, જાહેર જનતા માટે કરવામાં આવેલ બેઠક વ્યવસ્થા જેવી અનેક બાબતોનું ખુબ જ બારીકાઈથી નિરીક્ષણ કરીને જરૂરી સૂચના આપી હતી. વિવિધ શાળાઓના બાળકોએ સુંદર સાંસ્કૃતિક રાષ્ટ્રભક્તિસભર કૃતિઓ રજુ કરી હતી. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી ડી.પી. દેસાઈ, ગાંધીનગર જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવ, નિવાસી અધિક કલેક્ટર વી.જી. કાલરિયા, કલોલ પ્રાંત અધિકારી સી.એમ. પાડલિયા સહિત સંબંધિત અધિકારીઓ અને શાળા-કોલેજનો વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરમાં ૩૨૪૩ સ્થાનોએ વરસાદી પાણી ભરાઈ રહ્યું

### ૨૨૦ સ્થાનોમાં એડીસ મચ્છરોના પોરા મળ્યા તંત્રએ બાયો લાર્વીસાઈડ અને ઓઈલનો છંટકાવ કર્યો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં થયેલા ચાર ઈંચ જેટલા વરસાદ પછી હરકતમાં આવેલ મેલેરિયા તંત્રએ આજે શહેરના ૩૨૪૩ ખાડા-ખાબોચિયાઓમાં મચ્છર ઉત્પત્તિ ન થાય તે માટે બાયોલાર્વીસાઈડ અને ઓઈલનો છંટકાવ કર્યો હતો.

શહેરી મેલેરિયા તંત્રએ ૨૨ જેટલી ટીમો બનાવી આ કામગીરી આજે હાથ ધરી હતી. વહેલી સવારથી જ આ કામગીરીનો આરંભ થયો હતો અને સાંજ સુધીમાં સમગ્ર શહેરને આવરી લેવાયું હતુ.

મળતી વિગતો પ્રમાણે આ ખાડા-ખાબોચિયા પૈકી ૨૨૦ જેટલા ખાડા-ખાબોચિયામાં ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરના પોરા મળી આવાતં તંત્ર ચોંકી ઉઠ્યું હતું. ગાંધીનગરમાં જ ૩૨૦૦ થી વધુ સ્થાનોએ પાણી ભરાઈ રહેવુ એ તંત્રના મોન્સુન પ્લાનના લીરા ઉડાડે છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગરનો અક્ષરધામ થકી વૈશ્વિક ઓળખના જનક પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના બ્રહ્મલીન થયાના સમાચારોથી હરિભક્તો અને ગાંધીનગરમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

● ગાંધીનગરમાં આજે રિહર્સલ ડે હતો. ૧૫મી ઓગષ્ટ અને ૧૪ ઓગષ્ટની ત્રિરંગા યાત્રાના રિહર્સલમાં સૌ વ્યસ્ત રહ્યા હતા.

● ગાંધીનગર જિલ્લામાં સિઝનનો ૬૧ ટકા વરસાદ થઈ ચુક્યો છે.

● રાજ્ય મંત્રીમંડળના બે સભ્યોના ખાતાઓની ફાળવણીમાં વધારો કરવામાં આવ્યો છે.

● ગાંધીનગર શહેરમાં ડહોળા પાણીની સમસ્યા વધુને વધુ ઘેરી બનતાં રહીશો ચિંતાતુર બન્યા છે.

● ગાંધીનગર જિલ્લામાં નવા વિકાસ પામી રહેલા વિસ્તારોમાં તાકીદે આરોગ્ય સેવા કેન્દ્રો શરૂ કરવાની માંગ તીવ્ર બની રહી છે.

● ગાંધીનગર શહેરમાં ટ્રાફિક નિયમન માટે ગતિમર્યાદાના જાહેરનામાનો અમલ થાય તેમ નગરજનો ઈચ્છી રહ્યા છે.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ખાસ કરીને ગુડાના ગામોમાં વરસાદની સાથે જ વીજળીનો પુરવઠો ખોરવાતો હોવાની ફરિયાદો તંત્ર ગંભીરતાથી નહિ લેતુ હોવાથી સોસાયટીઓના રહીશોમાં રોષની લાગણી જન્મી છે.

# સે-૨૨ના જ કક્ષાના બ્લોકમાં ધાબાની દિવાલ તુટતા સાઈકલનો ડુચો વળી ગયો

### ધડાકાભેર દિવાલ તુટતા રહીશોમાં ગભરાટ સદનસીબે કોઇને ઇજા નહીં : નજીકમાં વાતચીત કરતા પડોશીઓનો જીવ પડીકે બંધાયો

ગાંધીનગર તા ૧૩

શહેરના સે-૨૨ ના જ કક્ષાના સરકારી મકાનમાં ગઈકાલે ધાબાની આવા ભયજનક મકાનો ત્વરિત ખાલી કરાવી દેવા પણ સુર ઉઠવા પામ્યો છે.

શહેરમાં સરકારી આવાસો રહીશોના જીવ પડીકે બંધાયા છે. દાયકાઓ જુના સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં છે.



દિવાલ નીચે પડતા બ્લોકના રહીશો ગભરાઈ ગયા હતા. બ્લોકનં ૭૦-૩ના ધાબાની દિવાલ નીચે પડતા આવાસના ભોંયતળિયે સાઈકલનો કડુસલો બાલી ગયો હતો. જો કે સદનસીબે કોઈને ઈજા થવા પામી ન હતી. શહેરમાં સરાકારી આવાસો રહેવાને લાયક ન હોવાનુ અવારનવાર સ્પષ્ટ થયુ છે. ત્યારે જોખમી હોવાનુ સ્પષ્ટ થયુ છે. ત્યારે નવા આવાસોનુ કામ પુર્ણ થતા હજુ સમય લાગે તેમ છે. પરંતુ હાલના સરકારી રહેણાંક પણ દિનપ્રિતિદિન જોખમી હોવાના કિસ્સાઓ ધ્યાને આવે છે.સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોમાં પોપડા ખરવાની સાથે દિવાલો પણ તુટી જતી હોવાથી જયારે રીનોવેશનની કામગીરીના અંતે પણ કેટલાક સરકારી આવાસો રહેવા લાયક ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે હજુ રીનોવેશનની કામગીરી પણ અપુર્ણ છે. શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાખવામાં આવ્યા બાદ સેકટરોમાં જોખમી બ્લોક તોડી નાંખવા માટે સર્વેના અંતે વિભાગને જાણ કરવામાંઆવે છે. જેના અંતે સે-૭ અને ૧૩ માં અન્ય જોખમી બ્લોક ધ્યાને આવતા વિભાગ દ્વારા આ બ્લોક તોડી નાંખવાની મંજુરી આપી દેવામાં આવી છે. પરંતુ અન્ય સેકટરોમાં હજુ પણ ભયજનક બ્લોક તોડવામાં ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે. જયારે વસાહતીઓનો વસવાટ કરતા હોય તેવા પણ ઘણાં મકાનો રહેણાંકની દ્રષ્ટીએ ભયજનક હોવાનુ ધ્યાને આવ્યુ છે. સે-૨૨માં જ કક્ષાના બ્લોક નં ૭૦-૩ માં ગઈકાલે ધાબાની દિવાલ એકાએક ધડાકાભેર નીચે ધરાશાયી થઈ હતી. દિવાલ નીચે પટકાતા નીચેના મકાનના કમ્પાઉન્ડમાં પાર્ક થયેલી સાઈકલનો ડુચો નીકળી ગયો હતો. સદનસીબે અન્ય કોઈ રહીશ ત્યાં હાજર ન હોવાથી જાનહાની કે ઈજા થવા પામી ન હતી. જો કે નજીકમાં વાતચીત કરતા પડોશીઓ પણ આ ઘટનાથી હેબતાઈ ગયા હતા. આ મામલે વિભાગમાં ઉચ્ચ કક્ષાએ પણ રજુઆત કરવામાં આવી છે. પરંતુ કોઈ પગલા લેવાતા ન હોવાથી રહીશો માટે ભયજનક આવાસમાં રહેવુ વધુ જોખમી પુરવાર થાય તેવી સ્થિતિ છે.

## પ્રાંતિયાની પ્રાથમિક શાળામાં તસ્કરોએ સપાટો બોલાવ્યો

ગાંધીનગર નજીક આવેલા પ્રાંતિયા ગામની પ્રાથમિક શાળામાં તસ્કર ટોળકીએ સપાટો બોલાવ્યો હતો. રાત્રિ દરમિયાન શાળામાં ઘૂસેલા તસ્કરો શાળાની ઓફીસમાં પડેલો સામાન વેરવિખેર કરી વર્ગખંડો તરફ વળ્યા હતા એક બે નહી પરંતુ છ છ વર્ગખંડોના તાળા તોડીને અંદરથી જે કંઈ કિંમતી ચીજવસ્તુઓ હાથ લાગે તે ઉઠાવી જવાની તૈયારી કરી હતી. જો કે કોઈ કિંમતી ચીજવસ્તુઓ તેમના હાથમાં આવી ન હતી. જુના કલર ટીવી અને એર બ્લોએર મળીને રૂ. ૨ હજારની કિંમતની મત્તાની ચોરી કરવામાં તેમને સફળતા મળી છે. શાળાના તેજસ પટેલની ફરિયાદ આધારે ડભોડા પોલીસે ગુનો નોંધી ગુનાની તપાસ શરુ કરી છે.

# જીઆઈપીએસમાં ગ્રામીણ જિલ્લા બાસ્કેટબોલ ટુર્નામેન્ટ યોજાઈ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર ગ્રામીણ જિલ્લા બાસ્કેટબોલ ટુર્નામેન્ટ તા. ૯ ઓગષ્ટના રોજ અંડર ૧૪-૧૭-૧૯ બહેનો અને તા. ૧૨ ઓગષ્ટના રોજ અંડર ૧૪-૧૭-૧૯ ભાઈઓની સ્પર્ધા ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા ખાતે યોજાઈ હતી. બાસ્કેટબોલ સ્પર્ધામાં બહેનો અંડર ૧૪-૧૭-૧૯માં અનુક્રમે ૮ વિદ્યાર્થીનીઓની રાજયની બાસ્કેટબોલ સ્પર્ધામાં પસંદગી થઈ છે અને ભાઈઓએ અંડર-૧૪માં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યુ છે. જેમાં અંડર ૧૪-૧૭-૧૯ અનુક્રમે ૮ ભાઈઓની રાજયની ગાંધીનગર ગ્રામીણ જિલ્લા ટીમમાં પસંદગી થઈ છે. વિજેતા બનેલ વિદ્યાર્થીનીઓ અને વિદ્યાર્થીઓએ શાળાનું ગૌરવ વધાર્યુ છે અને શાળા પરિવાર તરફથી વિજેતા ખેલાડીઓની અને અન્ય વિદ્યાર્થીઓની પ્રગતિ ઉત્તરોત્તર થાય તેવી અભ્યર્થના કરવામાં આવે છે.

# ગાંધીનગર સ્થિત નવગુજરાત કોમર્સ કોલેજમાં મહેંદી હરિફાઈ યોજાઈ

નવગુજરાત કોમર્સ કોલેજ ગાંધીનગર સે-૨૮ ખાતે સ્વતંત્રતા દિવસ નિમિત્તે મહેંદી હરિફાઈનું આયોજન પ્રો. અર્ચિતાબેન બારડના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કોલેજની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની મહેંદી કળાનું પ્રદર્શન કર્યુ હતું. આ સ્પર્ધાના અંતે હર્ષા પટેલે પ્રથમ અને ગાયત્રી વાળંદે દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. કોલેજના આચાર્ય વી.એલ. ગોસ્વામીના હસ્તે વિજેતાઓને ઈનામ અને ભાગ લેનારને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

## ત્રિરંગા યાત્રામાં નાગરિકોને જોડાવવા મહામંડળની અપીલ

સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ શહેરમાં ત્રિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૪મી ઓગષ્ટના રજ સાંજે ૪.૪૫ કલાકે ટાઉનહોલ ખાતેથી પ્રસ્થાન થનારી ત્રિરંગા રેલીમાં નાગરિકોને જોડાવવા શહેર વસાહત મહામંડળે અપીલ કરી છે. મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાવ્યા મુજબ મહામંડળના પદાધિકારીઓ દ્વારા સેકટર-૧૧ પેટ્રોલ પંપ પાસે ત્રિરંગા યાત્રાનું સ્વાગત કરવામાં આવશે. આ ઉપરાંત સિવિલ ડિફેન્સના વોર્ડન તેમજ પદાધિકારીઓને ત્રિરંગા યાત્રામાં જોડાવવા જણાવાયું છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... કાંઇ પણ શકમંદ વસ્તુ મળે તો અડતા નહીં... સાહેબ કહેતા હતાં કે એક જણાંને દિવો મળ્યો તો તેને થયું કે અલ્લાઉદ્દીનનો છે... અને નીકળ્યો મુજાહુદ્દીનનો.. બોલો...!!

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

## આજે દ્રશ્ય દુનિયાના અદ્રશ્ય કારણો પર જાહેર પ્રવચન

ગાંધીનગર, તા.૧૩

પ.પૂ. આચાર્યા ભગવાનશ્રી નરરત્ન સુરીશ્વરી મ. સાહેબશ્રી તેમજ બાળકોના લાડીલા પૂજય ગુરૂદેવશ્રી કૃપારત્ન વિજયજી મારા સાહેબ દ્વારા સે-૨૨, શ્રી જૈન દેરાસરમાં રવિવાર તા. ૧૪-૮-૨૦૧૬ના રોજ સવારે ૯.૦૦ કલાકે દ્રશ્ય દુનિયાના અદ્રશ્ય કારણો પર જાહેર પ્રવચનનું આયોજન કરવામાં આવેલ છે. તો આ પ્રસંગે ગાંધીનગરના ધાર્મિક ભાઈ બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લેવા વિનંતી છે.

# વાવોલની દ્વારકેશ રેસિડેન્સીમાં સ્વાતંત્ર્ય પર્વની અનોખી ઉજવણી કરાશે

### ધ્વજવંદન, શહીદો માટે મૌન, સાંસ્કૃતિક કાર્યક્રમો, જાગૃતિરેલી તથા રમતોત્સવ ઉજવાશે : સ્વચ્છતા અને બેટી બચાવોના સંદેશ સાથે રેલી યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

વાવોલની દ્વારકેશ રેસિડેન્સી સોસાયટી ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્વતંત્રતા દિવસની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણી અંતર્ગત પ્રભાત ફેરી, ધ્વજવંદન, રાષ્ટ્રગાન, શહીદો માટે મૌન, જાગૃતિ રેલી તથા સાંસ્કૃતિક કાર્યક્રમો અને રમતગમત વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીમાં સોસાયટીના દરેક સભ્યો જોડાય તે હેતુથી છેલ્લા બે દિવસથી સોસાયટીના બાળકો દ્વારા શેરી નાટકો યોજી રહીશોને સ્વતંત્રતા પર્વ અંગે જાગૃત તથા માહિતગાર કરવામાં આવી રહ્યાં છે.

ગાંધીનગરના ક-રોડ પરની દ્વારકેશ રેસિડેન્સી સોસાયટી દ્વારા દરેક તહેવાર અલગ જ રીતે ઉજવવામાં આવે છે. જેમાં લોકજાગૃતિ સાથે સામાજિક જવાબદારીની પણ ભાવના સમાવિષ્ટ હોય છે. તા. ૧૫મી ઓગષ્ટે સ્વતંત્રતા દિનની ઉજવણી વહેલી સવારે ૬ વાગે પ્રભાત ફેરીથી ચાલુ કરવામાં આવશે. ત્યારબાદ ૮.૩૦ કલાકે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે. જેમાં ઝંડાગીત, વંદેમાતરમ તથા રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવશે. રાષ્ટ્રગાન બાદ સોસાયટીના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરાશે જેમાં નાટક, ગીત, ડાન્સ વગેરેનો સમાવેશ થાય છે. સાંસ્કૃતિક કાર્યક્રમ અગાઉ દેશ માટે શહીદ થયેલા સ્વાતંત્ર્ય સેનાનીઓ તથા સુરક્ષા જવાનોને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ પણ અર્પણ કરવામાં આવશે. આ ઉપરાંત સોસાયટીના બાળકો તથા રહીશો દ્વારા સ્વચ્છતા અભિયાન, બેટી બચાવો જેવા વિવિધ સંદેશ સાથે જાગૃતિ રેલી યોજવામાં આવશે. જે સોસાયટીની બહારના નારાયણનગર, ગોકુલપુરા વગેરે વિસ્તારમાં ફરશે. રેલીના સમાપન બાદ સોસાયટીની મહિલાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરાશે અને અંતમાં બાળકો માટે રમતોત્સવ ઉજવાશે.

### સ્વતંત્રતા પર્વ અંગે જાગૃતિ આણવા શેરીનાટક

સ્વતંત્રતા દિવસ એ માત્ર એક રજા નથી પરંતુ દરેકે તેનું મહત્વ સમજી તેની યોગ્ય ઉજવણી કરવી જોઈએ તથા દેશને આઝાદી અપાવવા શહીદ થયેલા લાખો નામી-અનામી સ્વાતંત્ર્ય સેનાનીઓ તેમજ દેશના સાર્વ ભૌમત્વની રક્ષા કરતા શહીદ થયેલા જવાનોને યાદ કરવા જોઈએ તેવી ભાવના જાગૃત કરવા દ્વારકેશ સોસાયટીના બાળકો દ્વારા છેલ્લા બે દિવસથી સતત શેરીનાટક યોજવામાં આવી રહ્યા છે. શહેરની કોઈપણ સોસાયટીમાં રાષ્ટ્રીય પર્વને આટલુ મહત્વ આપી ગંભીરતા પૂર્વક ઉજવણી કરાતી હોય તેવી કદાચ આ એક માત્ર સોસાયટી છે.

### શિવાભિષેકનું દૂધ ગરીબ બાળકોને પીવડાવ્યું

માત્ર રાષ્ટ્રીય તહેવાર જ નહી પરંતુ ધાર્મિક તહેવાર તથા રીતરિવાજ પણ દ્વારકેશમાં ખુબ અલગ રીતે મનાવાય છે જેમાં અંધશ્રદ્ધાને હટાવી સાચી શ્રદ્ધા સાથે ઈશ્વર ભક્તિ કરાય છે. હાલ ચાલી રહેલા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવલીંગ પર અભિષેક કરવાનું દૂધ માત્ર પ્રતિક પુરતુ થોડુ અભિષેક કરી બાકીનું વાવોલની સરકારી પ્રાથમિક શાળાના ગરીબ બાળકોને પીવડાવવામાં આવ્યું હતું. સોસાયટીની મહિલાઓ તથા બાળકો દ્વારા આ રીતે આશરે ૪૫ લીટર દૂધનું વિતરણ કરાયુ હતું. જેમાં શાળાના ૪૦૦થી વધુ બાળકોને દૂધ પીવડાવાયું હતું.

## બેસણું



અમારા પરમપૂજ્ય પિતાશ્રી ચાવડા લક્ષ્મણજી અમરાજી તા.૧૧/૦૮/૨૦૧૬ને ગુરૂવારના રોજ દેવલોક પામ્યા છે. સદ્‌ગતનું બેસણું તા.૧૫/૦૮/૨૦૧૬ને સોમવારના રોજ સવારે ૯ થી ૧ સુધી અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સ્થળ : મું.પો.અંબોડ, વીસઘર, તા.માણસા.
નોંધ : કાંણ-મોંકણ બંધ છે.

લિ.
ચાવડા કાળુસિંહ લક્ષ્મણસિંહ
ચાવડા પ્રવિણસિંહ લક્ષ્મણસિંહ
ચાવડા નટવરસિંહ શંકરસિંહ
ચાવડા રાજેન્દ્રસિંહ શંકરસિંહ
ચાવડા ભૂપેન્દ્રસિંહ શંકરસિંહ
ચાવડા ગુણવંતસિંહ શંકરસિંહ
ચાવડા જયરાજસિંહ રણવીરસિંહ
ચાવડા જીલુસિંહ સેંધાજી
ચાવડા ભરતસિંહ સેંધાજી
ચાવડા મહેન્દ્રસિંહ સેંધાજી
ચાવડા ઘનશ્યામસિંહ મહોતસિંહ
ચાવડા રતનસિંહ મહોતસિંહ
ચાવડા વિક્રમસિંહ મહોતસિંહ
ચાવડા દિલીપસિંહ ઈશ્વરસિંહ
ચાવડા સુરેન્દ્રસિંહ ઈશ્વરસિંહ

## ઔદિચ્ય ખરેડી બેસણું



અમારા પિતાશ્રી સ્વ. શ્રી વૈકુંઠરાય ચિમનલાલ દવે તા. ૧૨/૮/૨૦૧૬ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું સોમવારે તા. ૧૫/૮/૨૦૧૬ના રોજ સવારે ૯થી ૧૨ સુધી નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૧૨૮૭/૨, સેક્ટર નં.૨/એ, ગાંધીનગર

સ્વાતિ અતુલકુમાર રાજ્યગુરૂ
અમિતા ભરતકુમાર વ્યાસ
કાશ્મીરા દિવ્યાંગકુમાર જાની
કુ. મિત્તલ વૈકુંઠરાય દવે

## જાહેર નિવિદા નં.૧૨ સને ૨૦૧૬-૨૦૧૭

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૧, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬, દ્વારા વિજળીકરણને લગતા ૭ (સાત) કામ જેની અંદાજીત કિંમત રૂ. ૨૩,૭૦૪.૭૦ થી ૯૦,૨૯૭.૭૩ છે. આ કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા વિદ્યુત કામના ઠેકેદારશ્રી પાસેથી ટેન્ડરો માંગવામાં આવેલ છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૨૦/૮/૨૦૧૬ બપોરે ૨.૦૦ વાગ્યા સુધી છે. ટેન્ડર પરત મેળવવાની તા. ૨૬/૮/૨૦૧૬ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૧૨૪૯/૧૬-૧૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ



નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.